# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

---

- **અમદાવાદ સહિત આસપાસના જિલ્લાઓમાં વરસાદની અગાહી – રાજયમાં ગરમીનો પારો 43 ડિગ્રીએ પહોંચ્યો**
- રાજ્યમાં હવે આયૂષ્યમાન કાર્ડ ધારકો નિ-રિપ્લેસમૅન્ટ સર્જરી સરકારી હૉસ્પિટલોમાં જ કરાવી શકાશે, ખાનગી હૉસ્પિટલોમાં નિરંકુશ થતી સર્જરીને જોતા સરકારનો નિર્ણય
- **ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને 12માં એક કે બે વિષયમાં ગેરહાજર અથવા નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે 22 મે સુધી ઓનલાઇન અરજી કરી શકશે**
- **આજે "ચાલો સૌ સાથે મળી ડેન્ગ્યુ પર નિયંત્રણ મેળવીએ" વિષય સાથે "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ"ની ઉજવણી કરવામાં આવશે.**
- **ગુજરાતનાં ભૂતપૂર્વ રાજ્યપાલ ડૉક્ટર કમલા બેનિવાલનું ગઈકાલે 97 વર્ષની વયે નિધન – ઉપરાષ્ટ્રપતિ – પ્રધાનમંત્રી, ગુજરાતના રાજયપાલ, મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ પાઠવી શ્રદ્ધાંજલી**
- **IPL ક્રિકેટમાં આજે ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# IMD WEATHER

હવામાન વિભાગે આજે અમદાવાદ, આણંદ અને રાજ્યના કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

રાજ્યમાં ગરમીનો પારો ફરી એક વાર 43 ડિગ્રી સુધી પહોંચી ગયો છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 43 ડિગ્રી તાપમાન રાજકોટમાં નોંધાયું હતું. જ્યારે કચ્છના ભુજમાં 42, સુરેન્દ્રનગર અને જુનાગઢના કેશોદમાં 41 ડિગ્રી, મહુવા અને બનાસકાંઠાના ડીસામાં 40 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે અન્ય જિલ્લાઓમાં 40 ડિગ્રીથી ઓછું તાપમાન નોંધાયું હતું.

---------------------------------------------------------------------

- SOURCE - IMD AHMEDABAD- PRAVESH. -(નવીન)

# RAIN UPDATE

હવામાન વિભાગની આગાહી મુજબ સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ધોધમાર વરસાદ સાથે કરાં પડ્યા હતા. અહીં વરસાદના કારણે અંબાજીનો મુખ્ય હાઈવે માર્ગ પણ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો, જેના કારણે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. સુરેન્દ્રનગર શહેર સહિત જિલ્લામાં મંગળવારે ફરી ગાજવીજ સાથે વરસાદ પડતાં ચોટીલા તાલુકાના મોકાસર ગામમાં રહેતા બે લોકોના વિજળી પડવાથી મૃત્યુ નીપજ્યા હતા.

રાજ્યમાં ગઈકાલે પણ કમોસમી વરસાદના ઝાપટાં પડ્યા હતા.. જેમાં કચ્છમાં સતત ત્રીજા દિવસે વરસાદ વરસ્યો હતો.. અહીં અબડાસા, નખત્રાણા અને ભચાઉ તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોના મોટી વિરાણા જેવા ગામમાં વરસાદ વરસ્યો હતો... જ્યારે નખત્રાણા-ભુજ હાઈવે પર નખત્રાણા બસ સ્ટેશન પાસે વોકળામાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે માર્ગની બંને તરફ વાહનચાલકો અટવાઈ ગયા હતા.

સુરેન્દ્રનગરમાં પણ ગાજવીજ સાથે પડેલા વરસાદે ઠંડક પ્રસરાવી હતી.. જ્યારે ડાંગ જિલ્લાના મુખ્યમથક આહવા ખાતે સતત ચોથા દિવસે વરસાદ વરસ્યો હતો. ડાંગના પૂર્વપટ્ટી સહિત જિલ્લાના આહવા, ચિકટિયા, સૂકમાળ, ગિરિમથક સાપુતારા, શામગહાન, ગલકુંડ, ચીખલી, બોરખલ તેમ જ મહારાષ્ટ્રનાં સરહદીય પંથકોમાં વિજળીનાં કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો..

આ વરસાદના કારણે ડાંગના ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. બીજી તરફ વરસાદના કારણે સાપુતારા સહિતના જોવાલાયક સ્થળોનું વાતાવરણ આહ્લાદક બની ગયું હતું. ગિરિમથક સાપુતારા ખાતે વરસાદી માહોલનાં પગલે વાતાવરણમાં શીતલહેર વ્યાપી જતા પ્રવાસીઓને પણ આનંદ આવ્યો હતો. વલસાડ અને રાજકોટમાં પણ ભારે વરસાદના અહેવાલ મળ્યા હતા.

-----------------------------------------------------------------

-પીટીસી, PRAVESH -(નવીન)

# PREMOONSOON

રાજ્યના વિવિધ જીલ્લોઓમાં તબક્કાવાર રીતે પ્રિમોન્સૂન કામગીરી અંગેની બેઠક યોજાઇ રહી છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં પ્રિ-મોન્સુન તૈયારીઓ માટે બેઠક યોજાઇ હતી..

ચોમાસા દરમિયાન વાવાઝોડુ અને ભારે વરસાદ અને પૂર જેવી કુદરતી આપત્તિનો સામનો કરવા, આગોતરી તૈયારી કરવા અને જોખમ ઘટાડવા માટેના આગોતરા આયોજનના ભાગરૂપે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન બેઠક યોજાઇ હતી.

જિલ્લા કક્ષાનો કંટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવામાં આવશે સંભવિત આફત બાદ આરોગ્ય, વીજળી, પાણી પૂરવઠો તાત્કાલિક મળી રહે તે માટેના સૂચનો અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.. જ્યારે ગીર સોમનાથ જીલ્લામાં પણ કામગીરી થઇ છે. જીલ્લાની તમામ નગરપાલિકાઓ દ્વારા તકેદારીના ભાગરૂપે  બેનર, હોર્ડીંગ્સ ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. વરસાદ કે પવન ફુંકાવાના સમયે નાગરિકોને મોટા બેનર, હોર્ડીંગ્સ, ભયજનક કે જર્જરિત માળખાં હોય તો તેનાથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે.

---

-રીપીટ

# KHEDA PREMONSOON BETHAK

આ સાથે ખેડાના નડિયાદ ખાતે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં પ્રિ-મોન્સુન આયોજન અંગે બેઠક યોજાઈ હતી., જેમાં આગામી દિવસોમાં આપત્તિ સંબંધિત અગમચેતીના પગલાંઓ અને કામગીરી બાબતે કલેક્ટરશ્રી માર્ગદર્શન આપ્યું હતું. અહીં કલેક્ટરશ્રીએ તાલુકા ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તથા જિલ્લાકક્ષાના પ્લાનની સમીક્ષા કરી હતી.

ઉપરાંત તેમણે તાલુકા કક્ષાના કન્ટ્રોલ રૂમ નંબરોની અદ્યતન યાદી, ડેમ તળાવ કેનાલ, ગરનાળા વગેરેની ચકાસણી તથા સાફ-સફાઈ, નીચાણવાળા વિસ્તારોમાં પાણીના નિકાલની વ્યવસ્થા, સંચારની પ્રાથમિક તેમ જ વૈકલ્પિક વ્યવસ્થાઓ ઊભી કરવા, આપત્તિ સમયે લોકોને સલામત સ્થળે ખસેડવા વગેરેની ચુસ્ત વ્યવસ્થા રાખવા સહિતના મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક આયોજન તૈયાર કરવા સંબંધિત વિભાગના અધિકારીઓને માર્ગદર્શક સૂચનો આપ્યા હતા.

---

- SOURCE – PTC – KHEDA – PRAVESH -(નવીન)

# RAJKOT Aji-2 Dam

રાજકોટ જિલ્લાનો આજી-૨ ડેમ હાલ તેની સંપૂર્ણ સપાટીએ છે. 73.76 મીટર ભરાયેલા આજી- 2 ડેમના દરવાજા આગામી દિવસોમાં વરસાદ અને વાવાઝોડાની આગાહીને પગલે કોઈ પણ સમયે ખોલાય શકે એમ છે.

જેથી ડેમની આજૂબાજુના ગામોના ખેડૂતોને અને અન્ય નાગરિકોને નદીના પટના વિસ્તારમાં અવરજવર ન કરવા નાયબ કાર્યપાલક ઇજનેર દ્વારા જણાવવામાં આવ્યું છે.

-----------------------------------------------------------------------

-પીટીસી, રાજકોટ, રિદ્ધિ -(નવીન)

# Poicha – Rescue Mission New

પોઇચા ખાતે મંગળવારે સર્જાયેલી કરુણાંતિકામાં ચાલી રહેલી બચાવ કામગીરી દરમિયાન ગઇકાલે બપોરે વધુ એક કિશોરનો મૃતદેહ મળી આવ્યો હતો. દરમ્યાન ગઇકાલે સવારે એક કિશોરનો મૃતદેહ મળી આવ્યો હતો. અત્યાર સુધી નદીમાંથી બે મૃતદેહો મળ્યા છે. હાલમાં એનડીઆરએફ, ફાયર ફાયટરની ટીમો 6 જેટલી બોટ દ્વારા નદીમાં બાકીના 5 લોકોની શોધખોળ ચાલી રહી છે. ૬૦થી વધુ બચાવ કામગીરી દ્વારા નર્મદા નદીમાં અઢી કિલોમિટર જેટલા વિસ્તારમાં આ તરવૈયાઓ દ્વારા શોધ કરવામાં આવી રહી છે.

રાજપીપળામાં આવેલા આપત્તિ વ્યવસ્થાપન નિયંત્રણ કક્ષ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર મંગળવારે બપોરે પોઇચા ખાતે આવેલા શ્રદ્ધાળુ પરિવારના ૧૭ સભ્યો પોઇચા નિલકંઠ ધામ પાસેથી પસાર થતી નર્મદા નદીમાં સ્નાન કરવા માટે ગયા હતા. ત્યારે આઠ વ્યક્તિઓ નર્મદા નદીના વહેણમાં ગરકાવ થઇ ગયો હતો.

બીજી તરફ, શ્રી રંગસેતુ આસપાસ મગરો હોવાથી અને પાણી પ્રવાહના કારણે તમામ પ્રકારની તકેદારી સાથે આ કામગીરી કરવામાં આવી રહી છે.

પ્રાથમિક અહેવાલો મુજબ ડૂબી જનારા પરિવાર મૂળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોટડી ગામના વતની છે અને હાલમાં વ્યવસાય અર્થે સુરત સ્થાયી થયા છે. ઉનાળું વેકેશનના કારણે આ પરિવાર પોઇચા ધામ અને કરનાણી ખાતે ધાર્મિક યાત્રાએ આવ્યો હતો અને તે સમયે આ દુઃખદ ઘટના બની હતી. હાલમાં નર્મદા જિલ્લા પ્રશાસન દ્વારા આ પરિવારને પોઇચા ધામ ખાતે રાખવામાં આવ્યો છે.

---

-રીપીટ

# AYUSHYMAN CARD

આયુષ્માન કાર્ડધારકો હવે ની-રિપ્લેસમેન્ટ સરકારી હોસ્પિટલોમાં જ કરાવી શકાશે. નાની વયના લોકોમાં જરૂર ન હોય તો પણ ની-રિપ્લેસમેન્ટ થતું હોવાનું સરકારને ધ્યાનમાં આવતા આ નિર્ણય કરવામાં આવ્યો છે. એટલે હવે આયુષ્માન કાર્ડ હેઠળ 55 વર્ષથી નાની વયના લોકો માટે ની-રિપ્લેસમેન્ટ, ની – રિપ્લેસમેન્ટ રિવિઝન અને ગર્ભાશયની સર્જરી માત્ર સરકારી હોસ્પિટલમાં જ થઇ શકશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે.

આરોગ્ય વિભાગના જણાવ્યાં અનુસાર આ ત્રણેય સર્જરી ખાનગી હોસ્પિટલમાં થઇ શકતી હતી. પરંતુ સર્જરીઓનું પ્રમાણ અચાનક વધી જતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

-------------------------------------------------------------------

-ડેસ્ક, રિદ્ધિ -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# SSC-HSC

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના જણાવ્યા અનુસાર ધોરણ 10 અને ધોરણ 12માં જે વિદ્યાર્થીઓ એક કે બે વિષયમાં ગેરહાજર રહ્યા હોય અથવા નાપાસ થયા હોય તે પૂરક પરિક્ષામાં હાજર રહી શકે છે.

પૂરક પરીક્ષા 2024 માટેની અરજી શાળાઓએ બોર્ડની સતાવાર વેબસાઈટ WWW.GSEB.ORG પર ઓનલાઈન કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ઓનલાઈન માધ્યમથી કરવાની રહેશે. ઉલ્લેખનીય છે કે પૂરક પરીક્ષા માટેની અરજી 22મી મે સુધી ઓનલાઈન કરી શકાશે.

---------------------------------------------------------------------

-માહિતી, રિદ્ધિ -(નવીન)

# RTE UPDATE

શિક્ષણ મેળવવાનો અધિકાર RTE અંતર્ગત પાટણ જિલ્લામાં પ્રવેશ પ્રક્રિયાનો બીજો તબક્કો જાહેર કરવામાં આવ્યો છે. જેમાં 17 જેટલા બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------

- PTC – PATAN – PRAVESH -(નવીન)

# National Dengue Day

આજે સોળમી મે નાં રોજ “રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ”ની ઉજવણી કરવામાં આવશે. આ વર્ષની વિષયવસ્તુ છે “ચાલો સૌ સાથે મળી ડેન્ગ્યુ પર નિયંત્રણ મેળવીએ” જેના થકી લોકોમાં ડેન્ગ્યુ વિશે જાગૃતતા લાવી શકીએ

વલસાડ જિલ્લાના અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે આજે જિલ્લાનાં તમામ તાલુકાઓમાં રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવશે. આ દરમ્યાન ડેન્ગ્યુનાં લક્ષણો, ફેલાવો, બચવા માટેનાં ઉપાયો, વ્યક્તિ અને મચ્છર વચ્ચેનો સંપર્ક અટકાવવાનાં ઉપાયો વિશે સમજ આપવામાં આવશે. સાથે જ મચ્છરની ઉત્પતિ અટકાવવા માટેનાં ઉપાયો વિશે પણ સમજ આપવામાં આવશે. ડેન્ગ્યુ એડીસ નામના મચ્છરથી જ ફેલાય છે. જે દિવસ દરમ્યાન કરડે છે અને ચોખ્ખા પાણીમાં ઇંડા મુકે છે.

“રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ” ની ઉજવણીનાં ભાગરૂપે જિલ્લામાં તમામ તાલુકાકક્ષાએ આરોગ્ય સ્ટાફ તથા આશાબહેનો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવશે. વાહકજન્ય રોગ અટકાયતી પગલાં માટે જાહેર સ્થળોએ બેનરો લગાવી તથા પ્રદર્શન ગોઠવવા વિગેરે પ્રકારની પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવશે. વધુમાં દર વર્ષે જુન માસને મેલેરિયા વિરોધી માસ તથા જુલાઇ માસને ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવવામાં આવે છે.

આ વર્ષે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વાતાવરણમાં ફેરફારના કારણે કેસ વધારે થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જેથી મચ્છરની ઉત્પત્તિના થાય તે માટે પાણીને ઢાંકીને રાખવુ તથા પાણી ભરવાના સાધનોને ઘસીને સાફ કરી તડકે સુકવીને ઉપયોગમાં લેવા. આરોગ્ય કર્મચારીઓ દ્વારા ડેન્ગ્યુનાં લક્ષણો જણાય તેવા દર્દીની વધુ તપાસ કરી નમુનો લઇ વિનામુલ્યે સારવાર આપવામાં આવે છે. સૌ સાથે મળીને ડેન્ગ્યુને અટકાવવા સહભાગી બનીએ એવો દ્વારા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અનુરોધ કરવામાં આવ્યો હતો..

---

-રીપીટ

# Kamala Beniwal passes away

ગુજરાતનાં ભૂતપૂર્વ રાજ્યપાલ ડૉક્ટર કમલા બેનિવાલનું ગઈકાલે 97 વર્ષની વયે નિધન થયું હતું. ડૉ. બેનિવાલે 27 નવેમ્બર 2009 થી છઠ્ઠી જુલાઇ 2014 દરમિયાન ગુજરાતનાં રાજ્યપાલ તરીકે સેવા આપી હતી. ઉપરાંત તેઓ ત્રિપુરા અને મિઝોરમ રાજ્યનાં પણ રાજ્યપાલ રહી ચૂક્યાં હતાં. ડૉ. કમલા બેનિવાલ રાજસ્થાન સરકારમાં પ્રથમ મહિલા નાયબ મુખ્યમંત્રી પણ રહ્યાં હતાં.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ડૉ. કમલા બેનિવાલના નિધન અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે સામાજિક માધ્યમ એક્સ પર લખ્યું કે, ડૉ. કમલા બેનિવાલને પાંચ દાયકાથી વધુ સમયથી જાણ્યા બાદ આ મારા માટે વ્યક્તિગત નુકસાન છે. ભગવાન તેમના પરિવાર અને મિત્રોને આ ન પૂરી શકાય તેવી ખોટ સહન કરવાની શક્તિ આપે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડૉ. કમલા બેનિવાલના નિધન અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે સામાજિક માધ્યમ એક્સ પર લખ્યું કે, ડૉ. કમલા બેનિવાલના નિધનથી દુઃખી છું. રાજસ્થાનમાં તેમની લાંબી રાજકીય કારકિર્દી હતી, જ્યાં તેમણે સંપૂર્ણ સમર્પણ સાથે લોકોની સેવા કરી હતી. જ્યારે તેઓ ગુજરાતનાં રાજ્યપાલ હતાં અને હું મુખ્યમંત્રી હતો. તે વખતે હું તેમને, અસંખ્ય વાર મળ્યો હતો. તેમના પરિવાર અને મિત્રો પ્રત્યે સંવેદના.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ડૉ. કમલા બેનિવાલનાં નિધન અંગે શોકની લાગણી વ્યક્ત કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

---

- હિંદુસ્તાન સમાચાર, પ્રવેશ, નવીન

# Mahudi

ગાંધીનગરના માણસામાં આવેલ મહુડી મંદિરમાં ટ્રસ્ટીઓ દ્વારા મંદિરમાંથી 130 કિલો સોનાની ચોરી સાથે 14 કરોડની ઉચાપત કર્યાનો ટ્રસ્ટીઓ પર આક્ષેપ કરવામાં આવ્યો છે.

મંદિરના નવા ટ્રસ્ટી દ્વારા જુના ટ્રસ્ટી પાસે હિસાબ માંગવામાં આવતો કોઇ હિસાબ ન મળતા ઉચાપત કર્યાની ફરિયાદ કરવામાં આવી છે. જેમાં 14 કરોડથી વધુની ઉચાપત કર્યાનો આક્ષેપ કરાયો છે.

આ મામલે અગાઉ પણ સીઆઈડી ક્રાઇમને ફરિયાદ કરવામાં આવી હતી.

---

-ડેસ્ક, રિદ્ધિ -(નવીન)

# IPL

IPL ક્રિકેટમાં, આજે, ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચ હૈદરાબાદમાં રમાશે. સનરાઇઝર્સ હૈદરાબાદ 14 અંક સાથે ચોથા સ્થાને જ્યારે ગુજરાત ટાઇટન્સ 11 અંક સાથે 8માં સ્થાને છે.

ઉલ્લેખનીય છે કે ગઇકાલે રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સે રાજસ્થાન રોયલ્સ ને 5 વિકેટે હરાવ્યું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી રાજસ્થાન રોયલ્સે નિર્ધારિત 20 ઓવરમાં 9 વિકેટે 144 રન બનાવ્યા હતા. પરંતુ 41 બોલમાં 63 રન બનાવીને અણનમ રહેલા સેમ કુરન અને જીતેશ શર્માની મજબૂત ભાગીદારીએ પંજાબ કિંગ્સને જીત અપાવી હતી.

---------------------------------------------------------------------

-પુલ, રિદ્ધિ -(નવીન)